# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-03-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

- મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં પસંદગી પામેલા કુલ ૧ હજાર ૯૯૦ ઉમેદવારોને નિમણૂંક પત્ર એનાયત કર્યા..
- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આણંદમાં આશરે 106 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોના ઇ- ખાતમુર્હૂત અને લોકાર્પણ કર્યા.
- આગામી 11મી માર્ચથી શરૂ થનારી ધોરણ-10 અને 12ની બોર્ડ પરીક્ષાની તૈયારીઓ પૂર્ણ- અંદાજીત 16 લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.
- રાજ્યના 91 તાલુકાઓમાં આજે કમોસમી વરસાદ થયો- કચ્છ, ભરૂચ, ભાવનગર, અરવલ્લીમાં માવઠાને પગલે ખેડૂતો ચિંતાગ્રસ્ત..
- આજે વિશ્વ વન્યજીવન દિવસની થઇ રહી છે ઉજવણી...પ્રધાનમંત્રીએ વન્યજીવ સંરક્ષણ પ્રયાસો માટે કાર્યરત લોકોને પાઠવી શુભેચ્છા..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM- APPOINTMENT LETTER

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આજે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં પસંદગી પામેલા કુલ ૧ હજાર ૯૯૦ ઉમેદવારોને નિમણૂક પત્ર એનાયત કર્યા હતા.

નવનિયુક્ત યુવાનોને શુભેચ્છા સંદેશો પાઠવતાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, સરકારી સેવાના સમયગાળા દરમિયાન સૌ ઉમેદવારોની પ્રાથમિકતા દેશવાસીઓના જીવનને સરળ બનાવવા સાથે જ તેમના જીવનમાં આવતી મુશ્કેલીઓને દૂર કરવાની હોવી જોઈએ.. વધુમાં તેમણે નવી જવાબદારીઓ સંભાળ્યા પછી પણ સૌ ઉમેદવારોને નવું શીખવાની અને સ્વવિકાસની પ્રક્રિયા ચાલુ રાખવા માટે અનુરોધ કર્યો હતો.

આ તકે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે યુવા કર્મયોગીઓને શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી મોદીએ વિકસિત ભારતના નિર્માણનો સંકલ્પ લીધો છે, જેમાં ગુજરાત લીડ લે તેવા સંનિષ્ઠ પ્રયાસો કરીશું અને પ્રજાકીય પ્રશ્નોના નિવારણ માટે સરકાર હંમેશા માનવીય અભિગમ સાથે કાર્યરત રહેશે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત જાહેર સેવા આયોગ માટે સંશોધન અધિકારી, બાળ યોજના વિકાસ અધિકારી જ્યારે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ માટે ગુજરાતી સ્ટેનોગ્રાફર, અંગત મદદનીસ, વર્ક આસિસ્ટન્ટ, રેખનકાર, મ્યુનિસિપલ એન્જિનિયર, જુનિયર સાયન્ટીફિક આસિસ્ટન્ટ તેમજ ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ માટે જુનિયર

ક્લાર્ક અને તલાટી કમ મંત્રી માટે ઉમેદવારોની નિમણૂક કરવામાં આવી છે.

## CM- AANAD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે આણંદ જીલ્લાના કહાનવાડી સ્થિત શ્રી રવિભાણ સાહેબ ગુરુગાદી ખાતે આયોજીત નવનિર્મિત મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી બની, જીલ્લાના વિકાસને વેગ આપતાં આશરે 106 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું ઇ- ખાતમુર્હત અને લોકાર્પણ કર્યા.

આ તકે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ગુજરાતમાં સવા ત્રણસો વર્ષથી જ્ઞાનજ્યોત જગાવતા શ્રી રવિભાણ સંપ્રદાયે અનેક તેજસ્વી સંતોની ગુજરાતને ભેટ આપી છે.

વધુમાં, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વિકસિત ભારતના નિર્માણ માટે સરકારે વિકસિત ગુજરાતના નિર્માણનો 25 વર્ષનો રોડમેપ બનાવ્યો છે અને ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહમાં પ્રધાનમંત્રીની ઉપસ્થિતીમાં 1.10 લાખ કરોડ રૂપિયાના વિકાસકામોની ભેટ મળી છે.

આણંદ નગરપાલિકામાંથી મહાનગરપાલિકા બનતાં હવે તેના સર્વાંગી વિકાસને વધુ વેગ મળશે. પ્રધાનમંત્રી મોદીની ગેરંટીવાળા વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથો દ્વારા લોકોને ઘરે ઘરે યોજનાઓના લાભો પહોંચાડવામાં આવ્યા છે.

## BOARD EXAM

આગામી 11મી માર્ચથી ધોરણ 10 અને 12 બોર્ડની પરીક્ષાનો આરંભ થશે. ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ

બોર્ડ દ્વારા લેવાનાર પરીક્ષાલક્ષી તમામ તૈયારી પૂર્ણ કરવામાં આવી છે. આ વર્ષે ધોરણ 10 અને 12ના એમ અંદાજીત 16 લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. આ સાથે ચાર હજાર 236 દિવ્યાંગ વિદ્યાર્થીઓ પણ પરીક્ષા આપશે.

**(બાઇટ- ડી.એસ. પટેલ- બોર્ડ એક્ઝામ)**

પરીક્ષા કેન્દ્રો અને વર્ગખંડોને સીસીટીવી કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, પરીક્ષામાં ગેરરીતિના કિસ્સાને અટકાવવા કુલ  80 જેટલી સ્ક્વોર્ડની ટીમ અને 10 જેટલી ફ્લાઈંગ સ્ક્વોર્ડની ટીમ તૈનાત કરાઈ છે. આ બોર્ડની પરીક્ષા માટે શિક્ષણ વિભાગે કુલ 60 હજાર જેટલા શિક્ષકોને જવાબદારી સોંપી છે.

**MAVTHU**

રાજ્યના 91 તાલુકાઓમાં આજે કમોસમી વરસાદ થયો છે. કચ્છના અંજારમાં દોઢ ઇંચ જેટલો વરસાદ વરસ્યો છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યના મોટાભાગના જીલ્લાઓમાં કમોસમી વરસાદ વરસતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. કમોસમી વરસાદને પગલે રાજ્યમાં આગામી 24 કલાક મહત્તમ તાપમાન યથાવત રહેતા લોકો ત્રણેય ઋતુનો અનુભવ કરી રહ્યા છે. વેસ્ટન ડિસ્ટબન્સને પગલે કેટલાંક વિસ્તારોમાં ધોધમાર વરસાદ તો કેટલાક વિસ્તારોમાં બરફના કરા વરસ્યા.

ગત મોડી રાત્રે ભરૂચ શહેર તેમજ અંકલેશ્વરના કેટલાક વિસ્તારોમાં વરસાદી છાંટા વરસ્યા.. અમારા ભરૂચના પ્રતિનિધી જણાવે છે

કે, ભરૂચ શહેરના પાંચબત્તી, રેલવે સ્ટેશન, મહંમદપુરા, શક્તિનાથ, સેવાશ્રમ સહિતના વિસ્તારોમાં વરસાદ વરસ્યો અને ગ્રામ્ય પંથકમાં પણ વરસાદને પગલે ખેડૂતોમાં ચિંતા વ્યાપી છે.

આજે કચ્છ જિલ્લામાં વરસાદી માહોલ સર્જાતા વહેલી પરોઢથી સવાર સુધીના અરસામાં હળવાથી ભારે ઝાપટા વરસ્યા. ભૂજ, મુન્દ્રા, અંજાર, ગાંધીધામ અને ભચાઉ વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસતા માર્ગો પાણી પાણી થયા હતા.

અરવલ્લી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ગઇકાલ મોડી સાંજથી ભારે પવન સાથે માવઠું પડ્યું હોવાથી ઘઉં અને મકાઇના પાકને ભારે નુકસાન થયું છે. મોડાસા, ભિલોડા, માલપુર, મેઘરજ સહિતના વિવિધ તાલુકાઓમાં વરસાદ થતાં ખેતીમાં નુકસાન થયું છે, સાથે લગ્ન પ્રસંગના આયોજનોમાં પણ વિઘ્ન સર્જાયું.

ભાવનગરમાં આજે દિવસ દરમિયાન 22 કિલોમીટરની ઝડપે ઠંડો પવન ફૂંકાતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

## BHARAT VIKAS DIARY- EPISODE - 13

પ્રાદેશિક સમાચાર વિભાગ દ્વારા આજે રાત્રે સાડા આઠ વાગે પ્રસારિત થનાર “ભારત વિકાસ ડાયરી” કાર્યક્રમના તેરમા અંકમાં જૂનાગઢ લોકસભા વિસ્તારના વિકાસની ગાથા રજુ કરવામાં આવશે.

ભારત વિકાસ ડાયરી કાર્યક્રમ આવતીકાલે રાત્રે આઠ વાગે પ્રસારિત થશે.

## WILDLIFE DAY

આજે વિશ્વ વન્યજીવ દિવસની ઉજવણી થઈ રહી છે.

સમગ્ર વિશ્વમાં પ્રતિ વર્ષ ૩જી માર્ચને જૈવવિવિધતાના સંરક્ષણ માટે ટકાઉ વિકાસ અંગે જાગૃતિ ફેલાવવા માટે વિશ્વ વન્યજીવન દિવસની ઉજવણી કરવામાં આવે છે.

આ દિવસ વન્યજીવન અને તેમના રહેઠાણો વિશે જાગૃતિ વધારવાનું કાર્ય કરે છે. આ વર્ષ માટે, વિશ્વ વન્યજીવન દિવસની વિષય વસ્તુ છે "કનેક્ટિંગ પીપલ એન્ડ પ્લેનેટઃ એક્સપ્લોરિંગ ડિજિટલ ઇનોવેશન ઇન વાઇલ્ડલાઇફ કન્ઝર્વેશન". પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ આજે વિશ્વ વન્યજીવ દિવસ નિમિત્તે વન્યજીવ પ્રેમીઓને શુભેચ્છા પાઠવી હતી. પ્રધાનમંત્રીએ તે તમામ લોકોની પ્રશંસા કરી જેઓ ટકાઉ વિકાસમાં મોખરે છે અને વન્યજીવ સંરક્ષણ પ્રયાસોને સમર્થન આપી રહ્યા છે.

તદુપરાંત, કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવે, લોકોને પૃથ્વીના વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિની અવિશ્વસનીય વિવિધતાની ઉજવણી કરવા અને આ વિશ્વ વન્યજીવન દિવસ પર સંરક્ષણના મહત્વ વિશે જાગૃતિ લાવવા વિનંતી કરી. ભૂપેન્દ્ર યાદવે વધુમાં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભારત વન્યજીવ સંરક્ષણ અને માનવ-પ્રાણી સહઅસ્તિત્વ સુનિશ્ચિત કરવા માટે ડિજિટલ ઈનોવેશનનો ભરપૂર ઉપયોગ કરી રહ્યું છે.

## GOVERNOR- TALIM KENDRA

બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાનના સારંગપુર મંદિર દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની પદ્ધતિસરની તાલીમ આપવા માટે કાયમી ધોરણે પ્રાકૃતિક કૃષિ સંશોધન અને તાલીમ કેન્દ્રનું નિર્માણ કરવામાં આવ્યું છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આજે રાજભવનથી

વર્ચ્યુઅલી જોડાઈને આ કેન્દ્રનો શુભારંભ કરાવતાં પ્રથમ તાલીમ કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું કે, કમોસમી વરસાદ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ કે કરા પડવાની પરિસ્થિતિમાં પણ પ્રાકૃતિક ખેતી ટકાઉ ખેતી છે. ગ્લોબલ વૉર્મિંગની વિપરીત પરિસ્થિતિમાં પણ પ્રાકૃતિક ખેતીના પાકને ઓછી અસર થાય છે. આ અવસરે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું હતું કે, હવે પ્રાકૃતિક ખેતી વર્તમાન સમયની આવશ્યકતા બની રહી છે.

## PATAN- STHAPNA DIVAS

ગુજરાતની ઐતિહાસિક નગરી પાટણનો આજે બારસો અગણ્યાએંશી મો સ્થાપના દિન છે.. સ્થાપના દિન નિમિત્તે નગરજનોમાં ભારે ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો. પાટણના નગરદેવી શ્રી કાલિકા માતાના પ્રાચીન મંદિર ખાતેથી આરતી બાદ વાજતે ગાજતે શોભાયાત્રા નીકળી હતી. કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતે લીલી ઝંડી આપી આ યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રંસગે સાંસદો અને અન્ય મહાનુભાવો પણ હાજર રહ્યા હતા. શોભાયાત્રા નગરના માર્ગે ફરી બગવાડા દરવાજા પહોંચી હતી જ્યાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા.

## POLIYO RAVIVAR

કેન્દ્રશાસિત પ્રદેશ દિવમાં આજે પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત ભૂલકાઓને પોલિયોની રસી પીવડાવવામાં આવી. દીવ જીલ્લાના કલેક્ટર ભાનુપ્રભાના માર્ગદર્શન હેઠળ જીલ્લામાં વિવિધ જગ્યાએ રસીકરણ

ઉપલબ્ધ કરાવાયું હતું. આરોગ્ય વિભાગ દ્વારા કુલ 34 જગ્યાએ પોલિયો બુથ ઉભા કરીને દિવસના અંતે આશરે ત્રણ હજાર 293 બાળકોને પોલિયોની રસી પીવડાવવામાં આવી હતી.

આંગણવાડી બહેનો અને હેલ્થવર્કર મળી કુલ 37 ટીમો દ્વારા ઘરે ઘરે ફરીને બાકી રહેલા બાળકોને પોલિયોની રસી પીવડાવવામાં આવશે.

દરમિયાન, કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં પણ આંટિયાવાડ ગ્રામ પંચાયત ખાતે સરપંચે નાના બાળકોને પોલિયોની રસી પીવડાવીને, વધુ બાળકોને રસીકરણ માટે પ્રોત્સાહિત કર્યા.

## BHAVNAGAR- SANSAD KHEL MAHOTSAV

ભાવનગરના સિદસરમાં ગઇકાલથી આયોજીત સાંસદ મહિલા ખેલ મહોત્સવનું આજે સમાપન થયું છે.

અમારા ભાવનગર જીલ્લાના પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે ભાવનગર અને બોટાદ વિસ્તારની મહિલાઓ માટે યોજાયેલ આ ખેલ મહોત્સવમાં વ્યક્તિગત અને ટીમ એમ બે ભાગમાં આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વ્યક્તિગત રમતોમાં કુલ ૨ હજાર ૯૪૫ બહેનો તથા ટીમ રમતોમાં બહેનોની કુલ ૪03 ટીમોનું રજીસ્ટ્રેશન થયું હતું. આજે લાંબીકૂદ, ગોળાફેંક, 100 મીટર દોડ, લીંબુ ચમચી, યોગાસન અને સંગીત ખુરશી જેવી રમતોનું આયોજન કરાયું હતું.

## SURAT- MUKESH PATEL

વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલના હસ્તે સાયણ-દેલાડ-પરિયા-સિવાણ ગ્રામપંચાયતના ૬0 કરોડ રૂપિયાથી વધુના

વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. જેમાં ખાસ કરીને સીસીટીવી કેમેરા લગાવવા, પંચાયત ભવનનું નિર્માણ, રોડ અને રસ્તાનું નિર્માણ, પ્રધાનમંત્રી આવાસ નિર્માણ, ફોર લેન રોડ બનાવવાની કામગીરી, રેલિંગ કામગીરી, ગટર કામ, રોડનું રિસર્ફેસીંગ જેવી કામગીરીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે વન મંત્રીએ પોતે મંત્રી પછી, પહેલા સામાન્ય કર્મયોગી હોવાનું જણાવતા સાયણ વિસ્તારમાં વધુમાં વધુ વિકાસ કરવાની નેમ વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે રસ્તા પર બેસી ધંધો કરનાર ફેરિયાઓ માટે સાયણમાં હાટ બજારનું નિર્માણ કરાયું છે. ગુનાખોરી નાથવા માટે અગામી

બે મહિનામાં સાયણમા વિવિધ વિસ્તારોમાં ૭૦ જેટલા સી.સી.ટી.વી કેમરા લગાડવામાં આવશે. સ્વચ્છતા સંદર્ભે આ કેમેરા ગંદકી ઘટાડવા અને ગુનાખોરોને પકડવામાં સહાયક બનશે તેવું પણ મંત્રી મુકેશ પટેલે જણાવ્યું હતું.

## NAVSARI- MATDAN

નવસારી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગામી લોકસભા ચૂંટણીમાં મતદાન પ્રત્યે લોકો વધુમાં વધુ જાગૃત થાય તે અંગે કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. નવસારી વહીવટી તંત્ર અને નહેરુ યુવા કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે મતદાન જાગૃત્તિ અભિયાન માટે ગણદેવી તાલુકાના ખારેલની અનિલ નાયક સ્કૂલમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઇ હતી. જેમાં નિબંધ લેખન સ્પર્ધા, ચિત્રકામ સ્પર્ધા, રંગોળી સ્પર્ધા અને ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિવિધ સ્પર્ધાઓમાં યુવાનોએ પોતાની કળા દ્વારા મતદાનની જરૂરિયાતનું મહત્વ દર્શાવ્યું હતું. ત્યારબાદ જાગૃતિ અભિયાનના ભાગરૂપે યુવાનોને મતદાન કરવા અંગે શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા.